# SBS CODE of PRACTICE વિશે



SBS એ રાષ્ટ્રીય સાર્વજનિક પ્રસારણકર્તા છે. **<u>અમારા અધિકારપત્રમાં</u>** દર્શાવ્યા પ્રમાણે ઓસ્ટ્રેલિયન સમુદાયો પ્રત્યેની જવાબદારી ધરાવતું સ્વતંત્ર ટેલિવીઝન, રેડિયો અને ડિજીટલ માધ્યમ છે. અમને ઓસ્ટ્રેલિયન સરકાર દ્વારા ફંડ તથા જાહેરાતોમાંથી આવક પ્રાપ્ત થાય છે.

અમારા વિવિધ માધ્યમો પર અમે ઓસ્ટ્રેલિયાના સ્થાનિક, આંતરરાષ્ટ્રીય સમાચારો તથા સાંપ્રત ઘટનાઓ, રમતજગત, આંતરરાષ્ટ્રીય નાટકો અને દસ્તાવેજી ફિલ્મો, વિવિધ વાનગીઓ, ફિલ્મ તથા 60થી વધુ ભાષાઓમાં સ્થાનિક રેડિયો સર્વિસ પૂરી પાડીએ છીએ. આ ઉપરાંત, અમે ફર્સ્ટ નેશન્સને લગતા સમાચારો અને કહાનીઓ નેશનલ ઈન્ડિજિનસ ટેલિવિઝન (NITV) ના માધ્યમથી પ્રસારિત કરીએ છીએ.

અમારા પ્રસારણો સમુદાયની અપેક્ષાઓ પર ખરાં ઊતરે તે માટે અમે SBS Code of Practice નક્કી કર્યા છે, જેમાં SBS ના ટેલિવિઝન, રેડિયો, ઓનલાઇન તથા સોશિયલ મીડિયા માધ્યમો પર પ્રસારિત થતી સામગ્રી માટે નિયમો અને ધોરણોનો સમાવેશ થાય છે.

### Code of Practice માં મહત્વની બાબતોનો સમાવેશ થાય છે જેમ કે,

## વિશ્વાસ

### અમે કેવી રીતે વિશ્વસનીય તથા સંબંધિત સામગ્રી પ્રસ્તુત કરીએ છીએ

- અમે અમારી સામગ્રી અંગે સ્વતંત્રપણે નિર્ણય લઇએ છીએ.
- અમારા સમાચારો તથા સાંપ્રત ઘટનાઓને લગતી સામગ્રી ચોક્કસાઇપૂર્ણ, સંતુલિત તથા નિષ્પક્ષ અને જાહેર હિતમાં હોય છે.
- અમે દરેક પ્રકારના વિચારો તથા દ્રષ્ટિકોણને સમાવીએ છીએ, તથા અમારી સામગ્રી નવીન, પડકારરૂપ ઉપરાંત, વિવાદાસ્પદ હોઇ શકે છે.

## પારદર્શિતા

### તમને સામગ્રીને લગતા વિકલ્પ માટે કેવી રીતે માર્ગદર્શન આપીએ છીએ

- અમે તમને માહિતી આપીએ છીએ જેથી તમે તમારા, તથા તમારી દેખરેખ હેઠળના કોઇ પણ બાળક કે યુવાનોને લગતી યોગ્ય સામગ્રી પસંદ કરી શકો.
- અમે જાહેરાતો અમારી સામગ્રીથી અલગ પડે તે સુનિશ્ચિત કરીએ છીએ તથા અમુક પ્રકારની જાહેરાતોના પ્રસારણ માટે નિયમો પણ નક્કી કર્યા છે.
- વિચલીત કરી શકે તેવી સામગ્રી માટે અમે, દર્શકોને યોગ્ય હોય ત્યાં ચેતવણી પણ આપીએ છીએ અને જો તે સંપાદકીય રીતે સુસંગત હોય તો જ સામગ્રી પ્રસારિત કરીએ છીએ.

## સન્માન

### અમે કેવી રીતે સન્માન આપી તેને પ્રોત્સાહિત કરીએ છીએ

- અમે પક્ષપાતી તથા ભેદભાવ અને અનુચિત સામગ્રીને પ્રોત્સાહિત કરવાનું ટાળીએ છીએ.
- અમે અંગ્રેજી સિવાયની ભાષાઓમાં સામગ્રી પ્રસ્તુત કરી વિવિધ પ્રકારના દ્રષ્ટિકોણને પ્રોત્સાહિત કરીએ છીએ.
- અમે આદિજાતીના પ્રશ્નો અંગે સંવેદનશીલ છીએ તથા એબોરિજીનલ તથા ટોરેસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોના સાંસ્કૃતિક સિદ્ધાંતોનું પાલન કરીએ છીએ.
- અમે પત્રકારત્વની જવાબદારીઓ સાથે સમતુલન દાખવી લોકોની ગોપનિયતાને સન્માન આપીએ છીએ.

## ઉત્તરદાયિત્વ

### અમે કેવી રીતે ઉત્તરદાયિત્વ અનુસરીએ છીએ

- અમે તમને અમારી પ્રસ્તુત થયેલી સામગ્રી અને સર્વિસ અંગે પ્રશંસનીય અથવા ટીકાત્મક પ્રતિસાદ માટે વિવિધ વિકલ્પ પૂરા પાડીએ છીએ.
- Code of Practice અંતર્ગત અમારી પાસે ફરિયાદો માટે સ્વતંત્ર પ્રક્રિયા છે. જેની SBS Ombudsman તપાસ કરવામાં આવે છે.




SBS

વધુ માહિતી મેળવો
sbs.com.au/aboutus/sbs-code-of-practice